

# શહેરમાં મોડીસાંજે વરસાદી ઝાપટું

## નવરાત બાદ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો : વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા

**: રાજયમાં હજુ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસવાની સંભાવના : વાતાવરણ પલ્ટાની અસરથી ગરમીનો પારો ૧.૫ ડીગ્રી નીચે ઉતર્યો : સાંજના સમયે આકાશ કેસરિયુ બન્યુ : તા ૧૨ ઓકટોબર બાદ આકરી ગરમી પડશે : જયારે તા ૨૪ ઓકટોબરથી ગુલાબી ઠંડીની શરૂઆત થશે : ૧૮ ઓકટોબર બાદ રાજયમાંથી ચોમાસુ વિદાય લેશે : અંબાલાલ પટેલ**





ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં આજે લાંબા સમય બાદ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. નવરાતના અંતે આજે સવારથી અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સવાર થી દિનભર વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન સેકટરોમાં વરસાદી છાંટણા વરસતા ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાની અસરથી મહત્તમ તાપમાનમાં પણ ૧.૫ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી સાંજના સમયે આકાશ કેસરિયુ બની ગયુ હતુ. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ વિજળીના કડાકા સાથે તા ૬ થી ૮ દરમિયાન હળવા ભારે વરસાદી ઝાપટા વરસવાની સંભાવના છે.

ગાંધીનગરમાં નવરાત પહેલા વરસાદી વાદળો આકાશમાં ગોરંભાયેલા રહેતા ગરબા પ્રેમીઓમાં ચિંતા પ્રવર્તી હતી જયારે નવરાત દરમિયાન પણ વરસાદ વરસશે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી હતી જો કે નવરાત્રિ દરમિયાન વરસાદ વિલન ન બનતા ખૈલેયાઓમાં ખુશીની લહેર વ્યાપી હતી જયારે નવરાત્રી પર્વના અંતે આજે સવારથી જ મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળે છે. સવારથી જ વાદળિયા વાતાવરણની અસરથી ચોમાસાએ હજુ વિદાય ન લીધી હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. સવારે વાદળિયા વાતાવરણના અંતે કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા વરસ્યા હતા જેના લીધે નગરમાં ફરી એકવાર ભીંજારોનો માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં ચોમાસા દરમિયાન સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. જયારે નવરાત મહોત્સવના અંતિમ દિવસોમાં વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે આકરો બફારો અનુભવતા સેકટરવાસીઓ ઉકળાટથી પરેશાન બન્યા છે. ગઈકાલે રાત્રિના સમયે પણ સુસવાટા મારતા ઠંડા પવનથી મોસમનો નઝારો બદલાશે તેનો અણસાર નગરજનોને આવી ગયો હતો. જયારે આજે દિવસ દરમિયાન આકાશી નઝારો બદલાયેલો જોવા મળ્યો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા જો કે દિવસ દરમિયાન સતત વાદળિયા વાતાવરણ વચ્ચે સેકટરોમાં કેટલાક ઠેકાણે વરસાદી છાંટણા વરસ્યા હતા. જયારે સાંજના સમયે પણ અનોખુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ત્રણ તાલુકામાં હળવા વરસાદી ઝાપટા

**દહેગામમાં ૨૨, માણસામાં ૩, ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદ : ખેડૂતો પાક બચાવવા દોડતા થયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં નવરાત્રી પર્વ પૂર્ણ થયા પછી આજે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો ૩૬ ડિગ્રીને પાર થયો હતો પણ અસહ્ય ઉકળાટભર્યા વાતાવરણમાં સાંજે ૬ વાગે વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા નોંધાતા ખેડૂતો દોડતા થયા હતા.

આજે સાંજે ૬ થી ૮ દરમ્યાન જિલ્લાના ત્રણ તાલુકામાં વરસાદ નોંધાયો છે. દહેગામ, માણસા અને ગાંધીનગર તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.

દહેગામમાં આ બે કલાકના સમયગાળામાં ૨૨ મી.મી., ગાંધીનગરમાં ૧ મી.મી. તથા માણસામાં ૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## આજથી ૯મી સુધી ચ-૦થી ખોરજ સુધી એક તરફનો માર્ગ બંધ રહેશે

**૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત તા. ૭ થી ૯ ઓકટોબર દરમ્યાન સાયકલીંગ(રોડ) સ્પર્ધા ચ-૦ સર્કલ થી ખોરજ કન્ટેનર સુધી યોજાશે**

ગાંધીનગર, તા.૬

૩૬ મી નેશનલ ગેમ્સ, ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે. જે અંતર્ગત તા. ૦૭ થી ૦૯ ઓકટોબર, ૨૦૨૨ દરમ્યાન સાયકલીંગ(રોડ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ચ-૦ ઈન્દ્રોડા સર્કલ થી ખોરજ કન્ટેનર કટ સુધીના માર્ગ પર યોજાશે. આ સ્પર્ધા અંતર્ગત અધિક નિવાસી કલેકટરશ્રીએ એક જાહેરનામું બહાર પાડી આ માર્ગ પર ગાંધીનગર થી અમદાવાદ તરફ જતો એક તરફનો માર્ગ તમામ વાહન વ્યવહાર માટે બંધ કરવાનો હુકમ કર્યો છે. આ માર્ગ તા.૦૭મી ઓકટોબરના રોજ સવારના ૫.૦૦ કલાકથી બંધ થશે. તા. ૦૯મી ઓકટોબર, ૨૦૨૨ના બપોરના ૨.૦૦ કલાક સુધી બંધ રહેશે.

૩૬મી નેશનલ ગેમ્સ આ વર્ષે ગુજરાત રાજયમાં યોજાઈ રહી છે. આ ગેમ્સની અનેક રમતો ગાંધીનગરના આંગણે ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર(દ) બેઠક માટે દોલત પટેલ આમ આદમી પાર્ટીના ઉમેદવાર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ગાંધીનગર(દ) બેઠક પર આમ આદમી પાર્ટીએ તેના ઉમેદવારની આજે જાહેરાત કરી છે. મોટેરાના યુવા અગ્રણી દોલત પટેલના નામની જાહેરાત કરાઈ છે.

પંચાયતી રાજ વ્યવસ્થાનો પરિવારનો અનુભવ અને વેપારી તરીકેની આગવી ઓળખ ધરાવતા દોલત પટેલની પસંદગીની આજે જાહેરાત થતાં જ જિલ્લાના રાજકારણમાં રાજકીય ગતિવિધિનો સળવળાટ શરૂ થયો છે.

આમ આદમી પાર્ટીએ આજે રાજ્ય વિધાનસભાની ચૂંટણીને લઈ ત્રીજા તબક્કામાં વધુ ૧૨ બેઠકો પરના ઉમેદવારની જાહેરાત કરી છે. આજે હિંમતનગર, ગાંધીનગર(દ), સાણંદ, વટવા, અમરાઈવાડી, કેશોદ, ઠાસરા, શહેરા, કાલોલ, ગરબાડા, લીંબાયત અને ગણદેવીના ઉમેદવારની જાહેરાત કરી છે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને લઈ આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં ૪૨ જેટલા ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે.

## ૧૪મી ઓક્ટો.ના રોજ જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

**કોબા પ્રેક્ષાભારતી ખાતે મેળાનું આયોજન કરવાની તંત્રએ શરૂ કરેલી વિચારણા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૪મી ઓક્ટો.ના રોજ ગરીબ કલ્યાણ મેળો યોજવામાં આવશે. ગાંધીનગર શહેરના કોબા નજીક આવેલ પ્રેક્ષાભારતી કેન્દ્ર ખાતે આ મેળાનું આયોજન કરવામાં આવશે.

જિલ્લામાં કોરોનાની મહામારીને પગલે બે વર્ષ બાદ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન થઈ રહ્યુ છે. આજે આ મેળાના આયોજનની તૈયારીઓ અને લાભાર્થીઓની ડેટા એન્ટ્રીને લઈ ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભિ ગૌત્તમના અધ્યક્ષપદે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લામાં આ વખતે ગરીબ કલ્યાણ મેળામાં આરોગ્ય પરિવાર, કૃષિ, સમાજકલ્યાણ વિભાગ તેમજ શિક્ષણ, ગ્રામ્ વિકાસના લાભાર્થીઓને આવરી લેવામાં આવશે. ૭ હજાર જેટલા લાભાર્થીઓને આ મેળામાં લાભ આપવાનું આયોજન હાલ કરવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ હાજરી આપશે. ૧૩ અને ૧૪ ઓક્ટો. દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ તેમજ ૧૫-૧૬ ઓક્ટો.ના રોજ શહેરી વિસ્તારના ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવશે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨ થી વધુ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઈ ચુકયા છે. જિલ્લામાં આ વખતે ગરીબ કલ્યાણ મેળામાં કૃષિ, સહકાર, પશુપાલન વિભાગની ૧૦૦થી વધુ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. સરકારે ૩૦૦ જેટલી યોજનાના મહત્તમ લાભાર્થીઓને આવરી લેવા જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## સે. ૨નો યુવાન કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગ્રામ્યમાં એક દિવસ બાદ આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચાલી રહેલી ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્ર ચિંતીત બન્યુ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ પણ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

શહેરના સે. ૨ માં ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે. શહેરમાં આજે બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો છે.

## વગર વરસાદે ઘ-૪ અંડરપાસમાં પાણી જ પાણી

**ગટર લાઈન લીકેજ થતા અંડર પાસમાં પાણી ભરાતા અસહ્ય દુર્ગંધથી વાહન ચાલકો કંટાળ્યા**

ગાંધીનગર, તા.૬

પાટનગરમાં એક બાદ એક સમસ્યાઓ નિર્માણ પામી રહી છે. પાટનગરવાસીઓને ગટરનાં દૂષિત પાણીમાંથી વાહનો લઈને પસાર થવું પડી રહ્યું છે. હાલ માં જ ઘ-૪ અંડરપાસમાં ગટરનાં પાણી ફરી વળ્યા છે જેમાં ખૂબ દુર્ગંધ પ્રસરી જવા પામી છે આ સાથે જ ગંદકી જોવા મળી રહી છે.

આ અંડરપાસમાં વારંવાર કોઈકને કોઈક સમસ્યાઓ નિર્માણ પામી રહી છે. જ્યારથી આ અંડર પાસ શરૂ કરવામાં આવ્યો છે ત્યારથી જ લાઈમ લાઈટમાં રહ્યો છે. વાહનોને હાલમાં અહીંયાથી પસાર થવું મુશ્કેલ બની ગયું છે. દ્વી-ચક્રી વાહનોને પાણીનાં છાંટા પડતાં ખૂબ રોષે ભરાયા હતા.

ગટરનાં પાણીનાં ગંદા પાણીથી વાહન ચાલકોનાં કપડાં બગડ્યા હતા અને આખો દિવસ વાહન ચાલકો પરેશાન થયા હતા. આ અંડરપાસમાં વારંવાર પાણી ભરાયેલા નજરે પડે છે. આ સાથે જ માર્ગની સ્થિતિ પણ ખરાબ થઈ ગઈ છે. જે આ અંડર પાસની ઢંગધડા વગરની કામગીરી છતી કરે છે. આ માર્ગ પરથી દિવસ અને રાત લાખો વાહનો પસાર થઈ રહ્યા છે. જેમાં ટુ વ્હીલરથી લઈ મોટા ફોર વ્હીલર પણ પસાર થાય છે. જેમાં વીવીઆઈપી માણસો પણ અહીંયાથી પસાર થતા હોય છે ત્યારે આ અંડરપાસની હાલત



## કલોલના મુલસાણા ગામેથી સ્વાઈન ફલુનો એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા મુલસાણા ગામે આજે સ્વાઈન ફલુનો એક કેસ નોંધાયો છે.

૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના ટેસ્ટ થતા ન હોવાથી કેસોની સાચી સંખ્યા સામે આવી રહી નથી. તંત્ર પણ આ અંગે કંઈ સત્તાવાર કહેવા તૈયાર નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ દિવસ બાદ સ્વાઈન ફલુનો કેસ સામે આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત ગૌરવયાત્રા ૧૩મીએ જિલ્લામાં પાંચેય બેઠકો પર જશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ભાજપની ગુજરાત ગૌરવયાત્રા ૧૩મીએ આવશે. ૧૩ જેટલા ગ્રામ્ય વિસ્તારોને આવરી આખા જિલ્લામાંથી આ યાત્રા પસાર થશે. સાડા પાંચ કલાકમાં જિલ્લાની પાંચેય બેઠક પર યાત્રા જશે.

મળતી વિગતો પ્રમાણે ૧૨મીએ બહુચરાજીથી શરૂ થનાર આ ગૌરવયાત્રા ૧૩મીએ કલોલના છત્રાલ ખાતે ૧૧.૩૦ વાગે પ્રવેશ કરશે.

જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકોને આ યાત્રાના રૂટમાં આવરી લેવામાં આવેલ છે. ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે કે છત્રાલ ખાતે યાત્રાના સ્વાગત બાદ આ યાત્રા કલોલ શહેરમાં થઈ નારદીપુર જશે. આ પછી બપોરે ૧૨.૩૦ વાગે આ યાત્રા માણસા વિધાનસભા મત વિસ્તારમાં ધેધુ ચોકડી ખાતે પ્રવેશ કરશે. ત્યાંથી માણસા શહેરમાં ફરી બાલવા ચોકડી આવશે.

બપોરે ૨.૧૫ કલાકે આ યાત્રા બાલવા ચોકડીથી ગાંધીનગર(ઉ) વિધાનસભા મત વિસ્તારમાં પ્રવેશ કરશે. પેથાપુર ચોકડી થઈ ગાંધીનગર શહેરમાં ઘ-૫ ખાતે યાત્રા ૨.૩૦ વાગે પ્રવેશ કરશે.

આ પછી યાત્રા ૩.૩૦ વાગે મોટા ચિલોડા (ગાંધીનગર દ.) બેઠકમાં પહોંચશે. જ્યાંથી મગોડી થઈ યાત્રા આગળ વધશે.

● અનુસંધાન પાન-૭ પર

### કેન્દ્રીય મંત્રીઓના આજથી ગુજરાતમાં ધામા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ માટે ભાજપે ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા છે ત્યારે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે ભાજપે આ વખતે કેન્દ્રના મંત્રીઓ અને રાષ્ટ્રીય નેતાઓને ગુજરાતની જવાબદારી સોંપતા આજ થી ગુજરાતમાં કેન્દ્રીય મંત્રીઓ ધામા નાખશે અને વિવિધ જિલ્લાનો પ્રવાસ ખેડીને ચૂંટણી પ્રચાર કરી ગુજરાતને ઘમરોળશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપ દ્વારા પૂર જોશમાં ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. આ વખતે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે ભાજપ એ ભાજપના રાષ્ટ્રીય નેતાઓ સહિત કેન્દ્ર સરકારના મંત્રીઓની એક મોટી ફોજ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતારી છે.

ગુજરાતમાં આજથી કેન્દ્રના ૧૦ થી વધુ મંત્રીઓ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે જેઓ આજથી ગુજરાતના વિવિધ જિલ્લાઓનો પ્રવાસ કરીને ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતમાં આજે કેન્દ્રીય મંત્રી મનીષા લેખી ગુજરાતના પ્રવાશે આવ્યા છે તેઓ દક્ષિણ ગુજરાતમાં તાપી વ્યારા અને નિઝરનો પ્રવાસ કરીને ચૂંટણી પ્રચાર કરશે. જ્યારે કેન્દ્રીય મંત્રી બી.એલ. વર્મા આજે મહેમદાવાદ અને મહુધા નો પ્રવાસ કરીને ચૂંટણી પ્રચાર કરશે.

### શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

C/0. જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૨૦૨૯, મો. ૯૮૨૪૭૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટેના ટેન્ડરો મંગાવવાનું નક્કી કરેલ છે.

1. Supply of Elevators Material, Installation, Testing and Commissioning
2. લીફ્ટ વેલ, મશીન રૂમ તથા સીવીલ વર્ક મરામત માટેના મજુરી કામના ભાવો મંગાવવાનું ટેન્ડર.
3. પરિવાર દર્પણ ૨૦૨૨ ડિરેક્ટરીનું છાપકામ કરવા બાબત.

આ અંગેની વિગતો અને ટેન્ડર કોપી શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર - સેક્ટર-૨૯ ખાતેથી તા. ૦૭-૧૦-૨૦૨૨ પછી સવારે ૧૦થી ૧૨, સાંજે ૫ થી ૭ દરમ્યાન મેળવી શકાશે. આ ટેન્ડર વિધિવત ભરીને તા. ૨૦-૧૦-૨૦૨૨ના રોજ સાંજે ૬.૦૦ ક્લાક સુધીમાં પરત કરવાના રહેશે. અ.નં. ૧ના ટેન્ડર માટે પ્રી બીડ મીટીંગ તા. ૧૪-૧૦-૨૦૨૨ના રોજ રહેશે.

મંત્રીશ્રી,
શ્રી જલારામ સેવા સમાજ,
ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com